ડે.ડી NEWS

તારીખ : 19/11/2026

નર્સિંગ અને હેલ્થકેર ક્ષેત્ર માં બનાવો આપના સપના ની આંતરરાષ્ટ્રીય કારકિર્દી!



- શું તમે નર્સિંગનો અભ્યાસ કરી રહ્યા છો અથવા નર્સિંગ પૂર્ણ કરી ચૂક્યા છો?
- શું તમે વિદેશમાં સારી કારકિર્દી અને આકર્ષક આવકની તક શોધી રહ્યા છો?

₹1.5 લાખથી ₹3 લાખ સુધીની અંદાજિત માસિક કમાણીની તકો!

તમારા માટે બે આંતરરાષ્ટ્રીય વિકલ્પો:

GERMANY
NURSING
DIRECT PLACEMENT

JAPAN
SSW
CAREGIVING PROGRAM

- આંતરરાષ્ટ્રીય કારકિર્દીની તક
- ભાષા તાલીમ અને માર્ગદર્શન
- ડોક્યુમેન્ટેશન અને એપ્લિકેશન સપોર્ટ
- વિદેશી એમ્પ્લોયર સાથે ઈન્ટરવ્યુની તક

DEVRASH INSTITUTE
Empowering Minds, Shaping Future
EST. 2020

તમારી આંતરરાષ્ટ્રીય કારકિર્દીનું પ્રથમ પગથિયું એટલે

દેવરશ ઇન્સ્ટિટ્યૂટ

આજે જ ફોન કરો! | 84011 32095 | 91045 46764

૫૧૨, વિન્ડસર પ્લાઝા, એક્સપ્રેસ હોટલ પાસે, અલકાપુરી, વડોદરા, ગુજરાત – ૩૯૦૦૦૭

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી NEWS

તારીખ : 19/11/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

જય સ્વામિનારાયણ

ભાવભર્યું જાહેર આમંત્રણ

સાવરકુંડલા શ્રી સ્વામિનારાયણ મંદિરનાં

રજત જયંતી મહોત્સવ નિમિત્તે

શ્રીમદ્ ભાગવત સપ્તાહ

ધર્મ, ભક્તિ અને સંસ્કૃતિના મહાસંગમ સાથે મનોરંજન માટે ભવ્ય લોક મેળાનું આયોજન

વકતાશ્રી



પ.પુ.શા.સ્વા. નિર્લેપસ્વરૂપદાસજી
વેદાંતાચાર્ય, એમ.એ.
(વાત્સલ્ય ઈન્ટરનેશનલ સ્કુલ, બોરસદ)



સ.ગુ.શા.સ્વા. હરિપ્રકાશદાસજી
અથાણાવાળા - સાળંગપુર

સાવરકુંડલા
શ્રી સ્વામિનારાયણ મંદિરના
રજત જયંતી મહોત્સવ
નિમિત્તે આયોજિત
ભવ્ય શ્રીમદ્ ભાગવત
સપ્તાહના પવિત્ર આયોજન
કરવામાં આવ્યું છે.

:: કથા સમય ::
સવારે ૮:૩૦ થી ૧૧:૩૦,
બપોર પછી ૩:૩૦ થી
૬:૩૦ કલાકે

આજરોજ તા. ૧૯/૧૧/૨૦૨૬, ગુરૂવારનાં કાર્યક્રમો

પુષ્પાભિષેક	ઠાકોરજી જળયાત્રા	મહાવિષ્ણુયાગ સમાપ્તિ	રૂક્ષ્મણી વિવાહ
સવારે ૭:૩૦ કલાકે	સાંજે ૫:૦૦ કલાકે	સાંજે ૫:૦૦ કલાકે	સાંજે ૬:૦૦ કલાકે

સુપ્રસિધ્ધ ગાયક કલાકાર શ્રી કિર્તીદાનભાઈ ગઢવી તથા હાસ્ય કલાકાર સુખદેવભાઈ ધામેલીયા આજે રાત્રીના ૮:૩૦ કલાકે

આ પવિત્ર ધાર્મિક પ્રસંગે સાવરકુંડલા શહેર તથા આસપાસના તમામ સનાતની ધર્મપ્રેમી નગરજનો, ભક્તજનો, યુવાનો અને પરિવારજનોને ભાવભર્યું જાહેર આમંત્રણ છે.

આયોજક : શ્રી સ્વામિનારાયણ મંદિર, શિવાજીનગર, સાવરકુંડલા

તારીખ : 19/11/2026

ભારતીય સોફ્ટ ટેનિસ ક્ષેત્રે મહેશભાઈ કસવાલાની આંતરરાષ્ટ્રીય સિદ્ધિ બદલ શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ, સાવરકુંડલા દ્વારા અભિનંદન



સાવરકુંડલા લીલીયા ના ધારાસભ્ય અને ભારતીય એમેચ્યોર સોફ્ટ ટેનિસ ફેડરેશનના અધ્યક્ષશ્રી મહેશભાઈ કસવાલા એશિયન સોફ્ટ ટેનિસ ફેડરેશનના ઉપાધ્યક્ષ તરીકે ચૂંટાઈ આવતા ભારતીય રમતગમત ક્ષેત્રે ગૌરવપૂર્ણ સિદ્ધિ પ્રાપ્ત થઈ છે. તેમની આ પ્રતિષ્ઠિત સિદ્ધિ બદલ શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ, સાવરકુંડલા દ્વારા પૂજ્ય સ્વામીજી તથા ગુરુકુળના ખેલાડીઓ તરફથી હાર્દિક અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.આંતરરાષ્ટ્રીય રમતગમત ક્ષેત્રે પ્રાપ્ત થયેલી આ નવી જવાબદારી ભારતીય સોફ્ટ ટેનિસ રમતને વૈશ્વિક સ્તરે નવી ઓળખ અને નવી ઊંચાઈઓ સુધી પહોંચાડવામાં મહત્વપૂર્ણ સાબિત થશે. મહેશભાઈ કસવાલાના માર્ગદર્શન, અનુભવ અને રમતગમત પ્રત્યેના સમર્પણથી ભારતીય સોફ્ટ ટેનિસના વિકાસને વધુ વેગ મળશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી છે.શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ, સાવરકુંડલા દ્વારા મહેશભાઈ કસવાલાને આ ગૌરવપૂર્ણ સિદ્ધિ બદલ અભિનંદન પાઠવી, તેમના આગામી કાર્યકાળમાં સફળતા, નવી સિદ્ધિઓ અને ભારતીય રમતગમતના વિકાસ માટે યશસ્વી યોગદાન મળે તેવી શુભકામનાઓ વ્યક્ત કરવામાં આવી છે.

KD NEWS
SAVARKUNDLA

તમારા વિસ્તારના સમાચાર
હવે KD News સુધી પહોંચાડો!

તમારા આસપાસ બનતી કોઈ **મહત્વપૂર્ણ ઘટના** હોય,
સામાજિક કે ધાર્મિક **કાર્યક્રમ** હોય, **સેવાકીય પ્રવૃત્તિ** હોય,
જાહેર સમસ્યા હોય કે કોઈ **વિશેષ સિદ્ધિ**ની વાત હોય...









ફોટો | વીડિયો | જરૂરી માહિતી

સાથે અમને મોકલો.

તમારો અવાજ બનશે KD News!

તમારા વિસ્તારની દરેક નાની-મોટી ખબર
લોકો સુધી પહોંચાડવા માટે આજે જ અમારો સંપર્ક કરો.

WhatsApp કરો
9499797973



KD News – તમારા વિસ્તારનો વિશ્વાસુ સમાચાર સાથી.

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી NEWS

તારીખ : 19/11/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

અમારી ટીમમાં જોડાવાની સુવર્ણ તક !



સેલ્સગર્લ, સેલ્સમેન, એકાઉન્ટન્ટ તેમજ પરચુરણ કામ માટે

સ્ટાફની જરૂર છે.

✓ મહેનતુ ✓ પ્રામાણિક ✓ જવાબદાર
✓ કામ પ્રત્યે લાગણીશીલ ✓ સ્માર્ટ સેલ્સમેનશિપ

:: પગાર ધોરણ ::

8000 થી 25000

રસ ધરાવતા ઉમેદવારો સંપર્ક કરે.

રૂબરૂ મળવાનો સમય:-

બપોરે 3.30 થી 5.00

(બાયોડેટા સાથે લાવવો)



સોનિક જ્વેલર્સ લી.

હવેલી શેરી સાવરકુંડલા. મો. 63541 09408

કે.ડી NEWS

તારીખ : 19/11/2026

શિયાળુ સીઝનમાં બિયારણ, ખાતર અને જંતુનાશક દવાઓની ખરીદીમાં સાવચેતી રાખવા ખેડૂતોને અનુરોધ

અધિકૃત વિક્રેતા પાસેથી જ ખરીદી કરી પાકું બિલ મેળવવા તથા મુદત પૂરી થયેલાં ઈનપુટ્સની ખરીદી ટાળવા અપીલ

અમરેલી જિલ્લાના ખેડૂતોને શિયાળુ સીઝન દરમિયાન ખેતી માટે જરૂરી બિયારણ, ખાતર તથા જંતુનાશક દવાઓની ખરીદી કરતી વખતે ખાસ સાવચેતી રાખવા અનુરોધ કરવામાં આવે છે. ખેતીમાં ઉપયોગમાં લેવાતાં આ ઈનપુટ્સની ખરીદી માત્ર અધિકૃત લાયસન્સ અથવા પરવાનો ધરાવતી સહકારી મંડળીઓ, સરકારી સંસ્થાઓ તથા ખાનગી વિક્રેતાઓ પાસેથી જ કરવી જોઈએ. ખેડૂતો છેતરપિંડીથી બચી શકે તે માટે લાયસન્સ કે પરવાનો ન ધરાવતી વ્યક્તિઓ, પેઢીઓ, ફેરિયાઓ કે અન્ય લેભાગુ તત્ત્વો પાસેથી બિયારણ, ખાતર અને જંતુનાશક દવાઓની ખરીદી ન કરવા ખાસ કાળજી રાખવી જરૂરી છે.ખેડૂતોએ ખરીદી કરતી વખતે વેપારી પાસેથી લાયસન્સ નંબર, પૂરું નામ, સરનામું, ખરીદેલ ઈનપુટનું નામ, લોટ નંબર સહિતની જરૂરી વિગતો દર્શાવતું પાકું બિલ વેપારીની સહી સાથે અવશ્ય મેળવી લેવું. આ ઉપરાંત, મુદત પૂરી થઈ ગયેલાં બિયારણ, ખાતર કે જંતુનાશક દવાઓની ખરીદી ટાળવી અને ખેતીમાં હંમેશાં વૈજ્ઞાનિક ભલામણ મુજબ જ બિયારણ, ખાતર તથા જંતુનાશક દવાઓનો ઉપયોગ કરવો જોઈએ.જિલ્લામાં ક્યાંય અનધિકૃત રીતે અથવા ભળતાં નામે અમાન્ય બિયારણ, ખાતર કે જંતુનાશક દવાઓનું વેચાણ થતું હોવાનું ધ્યાને આવે, તો ખેડૂતોએ તાત્કાલિક સંબંધિત તાલુકાના ખેતીવાડી અધિકારી અથવા નાયબ ખેતી નિયામક (વિસ્તરણ), અમરેલીનો સંપર્ક કરી જાણ કરવા અનુરોધ કરવામાં આવ્યો છે.

એ ગ્રેડ
કવોલીટીનાં
A4 પેકેટ

65 GSM
Rs. 185
મીનીમમ 10 પેકેટ

70 GSM
Rs. 205
મીનીમમ 10 પેકેટ

80 GSM
Rs. 315

તમામ
પેકેટો
હાજરમાં

SINCE 1923
KD
NEWS PAPER
દોશી કાંતિલાલ દલીચંદ
દરબાર ગઢ સ્ટ્રીટ, સાવરકુંડલા 9499797973

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી NEWS

તારીખ : 19/11/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

Organised by:
HEADWAY BUSINESS SOLUTIONS LLP
Solution@100%

www.headway.guru

908 124 1916





"SUVARNA SAUBHAGYA UTSAV – SAMRUDDHI MAHOTSAV"®

SUVARNA SAUBHAGYA UTSAV











અરે... વાહ...

૯,૯૯૯ સુધી

કરોડોની કિંમતના ઈનામો!

હા, સાચું વાંચ્યું.

તે પણ માત્ર ₹ ૧૦,૦૦૦ ના

ઘરેણાંની ખરીદી કે એક્સચેન્જ પર*

તો રાહ કોની જુવો છો, ઘરેણાં સાથે ચમકાવો નસીબ

ઓફરઃ ૧૫ ઓગસ્ટ ૨૦૨૬ થી ૨૫ ડિસેમ્બર ૨૦૨૬ સુધી જ લાગુ.

*શરતો લાગુ

GJ

શ્રી ગોકુલ જ્વેલર્સ

હવેલી શેરી, સાવરકુંડલા. 222195 95373 12695

ડે.ડે NEWS

તારીખ : 19/11/2026

દેવભૂમિ દેવળિયામાં સાત દિવસીય શ્રીમદ્ ભાગવત સપ્તાહની ભાવભેર પૂર્ણાહુતિ

કૃષ્ણ જન્મ, રુક્ષ્મિણી વિવાહ સહિતના વિવિધ પ્રસંગોએ ભાવિકોને ભક્તિરસમાં તરબોળ કર્યા



અમરેલી તાલુકાના દેવભૂમિ દેવળિયા ગામે સમસ્ત કોતરવાડિયા પરિવાર દ્વારા સ્વર્ગસ્થ પિતૃઓના મોક્ષાર્થે આયોજિત સાત દિવસીય શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણની ભવ્ય ધાર્મિક માહોલમાં પૂર્ણાહુતિ કરવામાં આવી હતી.તા. 11થી 17 નવેમ્બર દરમિયાન યોજાયેલા આ કથાયજ્ઞમાં શાસ્ત્રી દર્શનદાદા મહેતાએ શ્રીમદ્ ભાગવતના વિવિધ પ્રસંગોનું ભાવસભર શૈલીમાં રસપાન કરાવ્યું હતું. કથા દરમિયાન શ્રીકૃષ્ણ જન્મોત્સવ, નરસિંહ અવતાર, ગોવર્ધન લીલા, રુક્ષ્મિણી વિવાહ અને સુદામા ચરિત્ર સહિતના પ્રસંગોનું સુંદર વર્ણન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગોએ ઉપસ્થિત ભાવિકોને ભક્તિરસમાં તરબોળ કર્યા હતા અને સમગ્ર વાતાવરણ ભક્તિમય બન્યું હતું.સપ્તાહ દરમિયાન પોથીયાત્રા, માતૃ-પિતૃ પૂજન સહિતના વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. કથાના શ્રવણનો લાભ લેવા દેવભૂમિ દેવળિયા સહિત આસપાસનાં ગામોમાંથી મોટી સંખ્યામાં ભાવિક ભક્તો ઉપસ્થિત રહ્યા હતા.સમગ્ર સપ્તાહ દરમિયાન ધાર્મિક આસ્થા, ભક્તિ અને શ્રદ્ધાનો સુંદર સમન્વય જોવા મળ્યો હતો. આ ધાર્મિક આયોજનને સફળ બનાવવા સમસ્ત કોતરવાડિયા પરિવારના સભ્યોએ ઉત્સાહભેર જહેમત ઉઠાવી હતી.

ગ્રાન્ડેડ A4 પેપર ₹185 દોશી કાંતિલાલ દલીચંદ
દરબાર ગઢ સ્ટ્રીટ, સાવરકુંડલા 9499797973

કે.કે. NEWS

તારીખ : 19/11/2026

સફળતા, સુખ અને
સારા સ્વાસ્થ્યની
શુભકામનાઓ...

Happy Birthday



સાવરકુંડલા ના યુવા લોહાણા અગ્રણી અને

GST એડવોકેટ શ્રી રાકેશભાઈ ગઢીયા ને

જન્મદિવસની
હાર્દિક શુભકામનાઓ

મો. 96623 89888



જય જલારામ



જય રઘુવીર

કે.કે. NEWS

તારીખ : 19/11/2026

ઈ.વી.એમ. વેરહાઉસ ખાતે અમરેલી જિલ્લા કલેક્ટર દ્વારા બાહ્ય નિરીક્ષણ કરાયું



ઈ.વી.એમ. વેરહાઉસ ખાતે અમરેલી જિલ્લા કલેક્ટરશ્રી વિકલ્પ ભારદ્વાજ દ્વારા બાહ્ય નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. આ નિરીક્ષણ દરમિયાન ઈ.વી.એમ. વેરહાઉસની સુરક્ષા વ્યવસ્થા તેમજ આસપાસની વ્યવસ્થાઓનું નિરીક્ષણ કરી જરૂરી બાબતોની સમીક્ષા કરવામાં આવી હતી.ચૂંટણી પ્રક્રિયાની પારદર્શિતા, વિશ્વસનીયતા અને ઈ.વી.એમ.ની સુરક્ષા જળવાઈ રહે તે હેતુથી સમયાંતરે આવા નિરીક્ષણો કરવામાં આવે છે. જિલ્લા કલેક્ટરશ્રીએ વેરહાઉસની સુરક્ષા અને વ્યવસ્થાઓ અંગે જરૂરી ચકાસણી કરી હતી.



તારીખ : 19/11/2026

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી NEWS

SINCE 1923 NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



- એનિવર્સરી કેક
- બેબીશાવર કેક
- સગાઈ કેક
- ફોન્ડન્ટ કેક
- મેક અપ કીટ કેક
- ફોટો કેક



અઢળક કેકની વેરાયટીઓ

New Collection

મેરેજ બોક્સ, ડ્રાયફ્રૂટ બોક્સ અને રમકડાંની અવનવી વેરાયટી



અર્જન્ટ કેક બનાવી આપવામાં આવશે.

બર્થ ડેકોરેશન, બેબી શાવર ડેકોરેશન ની તમામ આઈટમ મળશે..



તમને મળશે બધાથી અલગ અને તે પણ આપના બજેટમાં.

લાઈવ કેક માટે મુલાકાત લ્યો

સાવરકુંડલામાં કેક તેમજ ડેકોરેશન સાયેનું એકમાત્ર વિશ્વાસપાત્ર સ્થળ

નારોલા

લાઈવ કેક શોપ

મહુવારોડ, સાવરકુંડલા | મો. 88667 59838

તારીખ : 19/11/2026

વડલી ખાતે શ્રી વરૂડી માતાજીના તૃતીય પાટોત્સવ નિમિત્તે નવચંડી યજ્ઞ અને ભવ્ય લોકડાયરાનું આયોજન

અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના વડલી ગામે શ્રી વરૂડી માતાજી મંદિરના તૃતીય પાટોત્સવ નિમિત્તે નવચંડી યજ્ઞ તથા ભવ્ય લોકડાયરાનું ધાર્મિક અને સાંસ્કૃતિક આયોજન કરવામાં આવ્યું હતું. આ પવિત્ર પ્રસંગે રાજુલા-જાફરાબાદના ધારાસભ્ય શ્રી હીરાભાઈ સોલંકી ઉપસ્થિત રહી શ્રી વરૂડી માતાજીના દર્શન કરી આશીર્વાદ મેળવ્યા હતા.નવચંડી યજ્ઞમાં શ્રદ્ધાપૂર્વક આહુતિ આપનાર તમામ નવદંપત્તિઓને ધારાસભ્યશ્રીએ હાર્દિક શુભેચ્છાઓ પાઠવી હતી. માતાજીના પાટોત્સવ નિમિત્તે યોજાયેલા ધાર્મિક કાર્યક્રમમાં ભાવિક ભક્તો અને ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર વાતાવરણ માતાજીની ભક્તિ, શ્રદ્ધા અને આધ્યાત્મિક ભાવનાથી ગુંજી ઉઠ્યું હતું.આ ધાર્મિક પ્રસંગે ઉપસ્થિત સૌ ભાવિક ભક્તો અને ગ્રામજનોનો ઉત્સાહ તથા ભક્તિભાવ આનંદદાયક રહ્યો હતો. શ્રી વરૂડી માતાજી સૌના જીવનમાં સુખ, શાંતિ, સમૃદ્ધિ અને સુખાકારી જાળવી રાખે તેવી પ્રાર્થના કરવામાં આવી હતી.







તારીખ : 19/11/2026

દાતડી ખાતે ૭૩મા અખિલ ભારતીય સહકાર સપ્તાહ અંતર્ગત સહકારી ક્ષેત્રના નવા આયામો પર સેમિનાર યોજાયો



૭૩મા અખિલ ભારતીય સહકાર સપ્તાહની ઉજવણીના ભાગરૂપે અમરેલી જિલ્લા સહકારી સંઘ દ્વારા દાતડી ખાતે "વૈશ્વિક સ્તરે ભારતીય સહકારી ચળવળને મજબૂત બનાવતી નવી એપેક્ષ સહકારી સંસ્થાઓ" વિષય પર સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.સેમિનારમાં સહકારી ક્ષેત્રના વિકાસ, વૈશ્વિક સ્તરે ભારતીય સહકારી ચળવળને વધુ મજબૂત બનાવવા તેમજ નવી એપેક્ષ સહકારી સંસ્થાઓની ભૂમિકા અને મહત્વ અંગે ચર્ચા કરવામાં આવી હતી. સહકારી ક્ષેત્રમાં નવીન અભિગમ, સંગઠનાત્મક શક્તિ અને પરસ્પર સહકાર દ્વારા વિકાસની નવી તકો ઊભી કરવા અંગે માર્ગદર્શન અને વિચારોનું આદાનપ્રદાન કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે અમરેલી જિલ્લા સહકારી સંઘના પ્રમુખ શ્રી મનીષભાઈ સંઘાણી, અમરેલી જિલ્લા સહકારી ખરીદ-વેચાણ સંઘના અધ્યક્ષ શ્રી જયંતીભાઈ પાનસુરીયા, F P O ના ચેરમેન શ્રી ઘનશ્યામભાઈ સાવલિયા, ડાયરેક્ટર શ્રી દેવભાઈ વારુ, યુથ સમિતિના ડાયરેક્ટર શ્રી વનરાજભાઈ વારુ સહિત સહકારી ક્ષેત્રના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.આ સેમિનારના માધ્યમથી સહકારી ક્ષેત્રના વિકાસ માટે નવી દિશા અને વૈશ્વિક સ્તરે ભારતીય સહકારી આંદોલનને વધુ સશક્ત બનાવવાનો સંદેશ આપવામાં આવ્યો હતો.



કે.કે NEWS

તારીખ : 19/11/2026

અમરેલી જિલ્લામાં ખેલ મહાકુંભ-૨૦૨૬ અંતર્ગત વોલીબોલ સ્પર્ધાની તારીખ અને સ્થળમાં ફેરફાર

ગુજરાત સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગના સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત, ગાંધીનગર દ્વારા સમગ્ર રાજ્યની સાથે અમરેલી જિલ્લામાં પણ 'ખેલ મહાકુંભ-૨૦૨૬'નું આયોજન કરવામાં આવ્યું છે. આ સ્પર્ધા અંતર્ગત આકસ્મિક કારણોસર વોલીબોલ રમતની તારીખ અને સ્થળમાં ફેરફાર કરવામાં આવ્યો છે.નવા સમયપત્રક મુજબ, તમામ વયજૂથ માટે વોલીબોલ (બહેનો)ની સ્પર્ધા આગામી તારીખ ૨૯/૧૧/૨૦૨૬ના રોજ અને વોલીબોલ (ભાઈઓ)ની સ્પર્ધા તારીખ ૩૦/૧૧/૨૦૨૬ના રોજ યોજાશે. આ બંને સ્પર્ધાઓ સવારે ૦૮:૦૦ કલાકે 'શ્રી ઝવેરચંદ મેઘાણી હાઈસ્કૂલ, બગસરા' ખાતે યોજવામાં આવશે.આ સ્પર્ધા અંગે વધુ વિગતો કે માર્ગદર્શન માટે કન્વીનર શ્રી મનોજભાઈ મહીડા (મો. ૯૫૩૭૭૩૦૩૨૧) અથવા શ્રી મનીષભાઈ કુકવાવા (મો. ૯૪૨૭૯૦૫૮૪૬)નો સંપર્ક કરવાનો રહેશે. જિલ્લા રમત ગમત અધિકારી (ઈન્ચાર્જ), જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, અમરેલી દ્વારા તમામ સંબંધિત ખેલાડીઓ અને શાળાઓને આ ફેરફારની ખાસ નોંધ લેવા એક યાદીમાં અનુરોધ કરવામાં આવ્યો છે.

છે.કે NEWS

તારીખ : 19/11/2026

જૂનાગઢના ઝાંઝરડા રોડ સ્થિત જલારામભક્તિધામમાં ૨૨૭મી જલારામ જયંતિની ભવ્યાતિભવ્ય ઉજવણી; નાત-જાતના ભેદભાવ વિના ૧૫,૦૦૦થી વધુ ભક્તોએ મહાપ્રસાદનો લાભ લીધો

બહેનો દ્વારા ઘરેથી બનાવીને લાવવામાં આવેલા ૧,૦૦૦ રોટલાનો અનોખો મનોરથ અને ૨૨૭ દીપમાળાની મહાસંધ્યા આરતીએ ભક્તિમય માહોલ સર્જ્યો







શહેરના ઝાંઝરડા રોડ પર આવેલા શ્રી જલારામભક્તિધામ (જલારામ મંદિર) ખાતે પૂજ્ય શ્રી જલારામ બાપાની ૨૨૭મી જન્મજયંતિની અત્યંત ભક્તિભાવ, ઉલ્લાસ અને માનવ કલ્યાણના વિવિધ સેવાકીય કાર્યો સાથે ભવ્યાતિભવ્ય ઉજવણી સંપન્ન થઈ હતી. આ પાવન અવસરે નાત-જાતના કોઈ પણ ભેદભાવ વગર સર્વ સમાજના લોકોએ અસાધારણ સંખ્યામાં ઉમટી પડી સમૂહ પ્રસાદનો લ્હાવો લીધો હતો.ધાર્મિક અને સેવાકીય કાર્યક્રમોની વણઝાર:મહોત્સવ અંતર્ગત વહેલી સવારથી જ મંગલા આરતી, ધ્વજારોહણ, રાજભોગ આરતી, સંત કીર્તન, અન્નકૂટ દર્શન અને આરતી શણગાર સ્પર્ધા જેવા વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત માનવ સેવાના ઉદ્દેશ્ય સાથે 'રક્તદાન મહાયજ્ઞ' પણ યોજાયો હતો, જેમાં રક્તદાતાઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.૨૨૭ દીપ શૃંખલા સાથે દિવ્ય મહાસંધ્યા આરતી:સાંજના સમયે જ્યારે ૨૨૭ દીપમાળાઓની શૃંખલા સાથે મહાસંધ્યા આરતી કરવામાં આવી, ત્યારે મંદિર પરિસરમાં અલૌકિક અને નયનરમ્ય દ્રશ્યો સર્જાયા હતા. મંદિરમાં ન સમાય તેટલી વિશાળ સંખ્યામાં ભાવિકો ઉમટી પડતા જાણે આકાશનું તારામંડળ ધરતી પર ઉતરી આવ્યું હોય તેવો દિવ્ય નજારો જોવા મળ્યો હતો.મહાપ્રસાદ અને 'રોટલા મનોરથ'નું વિશેષ આકર્ષણ:સામાન્ય રીતે બપોરના સમયે લોહાણા મહાજન દ્વારા જ્ઞાતિ ભોજન (નાત) અને સાંજે શહેરની વિવિધ સોસાયટીઓ તથા ગલીઓમાં પ્રસાદના કાર્યક્રમો હોવા છતાં, જલારામભક્તિધામ ખાતે ધારણા કરતાં પણ વધુ એટલે કે આશરે ૧૫,૦૦૦ જેટલા ભક્તોએ સમૂહ પ્રસાદ ગ્રહણ કર્યો હતો.આ ઉજવણીની સૌથી મોટી વિશેષતા 'રોટલા મનોરથ' રહી હતી. જેમાં શહેરની બહેનોએ અન્નપૂર્ણા સ્વરૂપ બનીને પોતપોતાના ઘરેથી પ્રેમ અને ભક્તિભાવપૂર્વક રોટલા બનાવીને મંદિરે પહોંચાડ્યા હતા. આવા આશરે ૧,૦૦૦ જેટલા ઘરના રોટલા જલારામ બાપાના પ્રસાદ રૂપે ભક્તોને પીરસવામાં આવ્યા હતા.કાર્યક્રમના અંતે ઉપસ્થિત મહાનુભાવો અને મહેમાનોનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું તેમજ આ ભવ્ય આયોજનમાં સહયોગ આપનાર તમામ દાતાશ્રીઓનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. સમગ્ર આયોજનને સફળ બનાવવા મંદિરના ટ્રસ્ટીગણ અને સ્વયંસેવકોએ ભારે જહેમત ઉઠાવી હતી.આમ જલારામ ભક્તિ ટ્રસ્ટી પ્રોફેસર ડો.પી બી ઉનડકટસાહેબે જણાવ્યું હતું

કે.કે NEWS

તારીખ : 19/11/2026

બગસરાના ડેરીપીપરીયા ખાતે નવનિર્મિત શ્રી સ્વામિનારાયણ મંદિરના પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ નું આયોજન



અમરેલી જિલ્લાના બગસરા તાલુકાના ડેરીપીપરીયા ગામે નવનિર્મિત શ્રી સ્વામિનારાયણ મંદિરના ભવ્ય પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ અંતર્ગત ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.આ મંગલમય પ્રસંગે પૂજ્ય મહારાજશ્રી તેમજ પધારેલા સંતો-મહંતોના આશીર્વાદ પ્રાપ્ત કરવામાં આવ્યા હતા. મંદિરના પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવના પાવન અવસરે સમગ્ર વાતાવરણ ભક્તિમય અને ધર્મમય બન્યું હતું.આ પ્રસંગે અમરેલી જિલ્લા ભાજપ પ્રમુખ શ્રી અતુલભાઈ કાનાણી, જિલ્લા ભાજપ મહામંત્રી શ્રી રાજુભાઈ ભૂતૈયા, જિલ્લા ઉપપ્રમુખ શ્રી મનોજભાઈ મહીડા, શ્રી દિવ્યેશભાઈ વેકરીયા, શ્રી જીતુભાઈ પાઘડાળ, શ્રી નીતેશભાઈ ડોડીયા સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.



ડે.ડી NEWS

તારીખ : 19/11/2026

એન્ટીમાઇક્રોબિયલ રેઝિસ્ટન્સ (AMR): એન્ટિબાયોટિક્સનો બિનજરૂરી ઉપયોગ ટાળો, ભવિષ્યની પેઢીનું સ્વાસ્થ્ય બચાવો

આજના સમયમાં સામાન્ય તાવ, શરદી કે ઉધરસ થતાં જ ડૉક્ટરની સલાહ વગર મેડિકલ સ્ટોરમાંથી સીધી એન્ટિબાયોટિક (Antibiotic) દવાઓ લેવાનું ચલણ ખૂબ વધી ગયું છે. પરંતુ દવાઓનો આ આડેધડ ઉપયોગ 'એન્ટીમાઇક્રોબિયલ રેઝિસ્ટન્સ' (A M R) નામની ગંભીર સ્વાસ્થ્ય સમસ્યાને જન્મ આપી રહ્યો છે, જે સમગ્ર વિશ્વ અને આપણા સમાજ માટે મોટો ખતરો બની રહી છે. જ્યારે બેક્ટેરિયા, વાયરસ કે ફૂગ જેવા સૂક્ષ્મજીવો પોતાની અંદર એવો બદલાવ લાવે છે કે તેમના પર એન્ટિબાયોટિક દવાઓની અસર થતી બંધ થઈ જાય, ત્યારે તેને AMR એટલે કે દવા પ્રતિકારક ક્ષમતા કહેવામાં આવે છે. સરળ શબ્દોમાં કહીએ તો, રોગના જંતુઓ દવા સામે લડવા માટે વધુ શક્તિશાળી બની જાય છે, જેના કારણે સામાન્ય ચેપ (ઈન્ફેક્શન) પણ જીવલેણ સાબિત થઈ શકે છે.આ ગંભીર સમસ્યાને રોકવા માટે જાહેર જનતાને ખાસ અપીલ કરવામાં આવે છે કે ડૉક્ટરના પ્રિસ્ક્રિપ્શન વગર ક્યારેય એન્ટિબાયોટિક દવા ન લેવી અને તબિયત સારી થઈ જાય તો પણ ડૉક્ટરે સૂચવેલો દવાનો સંપૂર્ણ કોર્સ પૂરો કરવો, નહીંતર રોગના જંતુઓ વધુ મજબૂત બની શકે છે. આ ઉપરાંત, તમારી બચેલી એન્ટિબાયોટિક્સ પરિવારના અન્ય સભ્યો કે મિત્રોને આપવાનું ટાળવું જોઈએ અને ચેપ લાગતો અટકાવવા માટે નિયમિત હાથ ધોવાની ટેવ રાખવી, સ્વચ્છ પાણી પીવું તથા જરૂરી રસીકરણ કરાવવું અત્યંત આવશ્યક છે. એન્ટિબાયોટિક્સ આપણા જીવનરક્ષક હથિયારો છે, જેનો સમજદારીપૂર્વક ઉપયોગ કરીને આપણે તેને ભવિષ્ય માટે અસરકારક રાખી શકીએ છીએ; તેથી જાગૃત નાગરિક બનીને ડૉક્ટરની સલાહ વગર એન્ટિબાયોટિક્સ લેવાનું ટાળવા મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીની યાદીમાં નમ્ર અનુરોધ કરવામાં આવ્યો છે.

કે.કે. NEWS

તારીખ : 19/11/2026

અમરેલી જિલ્લામાં નવનિયુક્ત વિદ્યાસહાયકોની સ્થળ પસંદગીના સ્થળમાં ફેરફાર

અમરેલી જિલ્લા શિક્ષણ સમિતિ દ્વારા એક જાહેર નોટિસ બહાર પાડીને જણાવવામાં આવ્યું છે કે, વિદ્યા સહાયક ભરતી વર્ષ ૨૦૨૬ અંતર્ગત ધોરણ ૧ થી ૫ (ગુજરાતી માધ્યમ) ના નવનિયુક્ત વિદ્યાસહાયકોની સ્થળ પસંદગી અગાઉ બી.આર.સી. ભવન, અમરેલી ખાતે રાખવામાં આવી હતી, પરંતુ અનિવાર્ય સંજોગોવસાત આ સ્થળમાં ફેરફાર કરવામાં આવ્યો છે. હવે પછી વિદ્યાસહાયકોની સ્થળ પસંદગીની પ્રક્રિયા કે.કે. પારેખ અને આર.પી. મહેતા વિદ્યાલય (લીલાવતી બિલ્ડીંગ), નાની નુતન, બસ સ્ટેન્ડની બાજુમાં, અમરેલી ખાતે યોજવામાં આવશે, જેની સંબંધિત તમામ ઉમેદવારોએ ખાસ નોંધ લેવા જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી, જિલ્લા શિક્ષણ સમિતિ અમરેલીની યાદીમાં જણાવાયું છે.

કે.કે. NEWS

તારીખ : 19/11/2026

આંતરરાષ્ટ્રીય પુરૂષ દિવસ : પરિવાર, સમાજ અને રાષ્ટ્રના ઘડતરમાં પુરૂષોના યોગદાનને સન્માનવાનો દિવસ



દર વર્ષે ૧૯ નવેમ્બરના રોજ વિશ્વભરમાં આંતરરાષ્ટ્રીય પુરૂષ દિવસની ઉજવણી કરવામાં આવે છે.

આંતરરાષ્ટ્રીય પુરૂષ દિવસ એ સમાજ, પરિવાર અને રાષ્ટ્રના વિકાસમાં પુરૂષોના યોગદાનને યાદ કરવાનો, તેમના જીવનમાં રહેલા પડકારોને સમજવાનો તેમજ પુરૂષોના શારીરિક, માનસિક અને સામાજિક સ્વાસ્થ્ય અંગે જાગૃતિ ફેલાવવાનો મહત્વપૂર્ણ દિવસ છે. આ દિવસ પુરૂષોના સકારાત્મક યોગદાન, જવાબદારીઓ, સંઘર્ષો, ત્યાગ અને સિદ્ધિઓને સન્માનિત કરવાની તક પૂરી પાડે છે.પુરૂષ એ માત્ર પરિવારનું આર્થિક ભરણપોષણ કરનાર વ્યક્તિ જ નથી, પરંતુ પરિવારના સુખ, સુરક્ષા, સંસ્કાર, શિક્ષણ અને ભવિષ્યના નિર્માણમાં પણ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. પિતા તરીકે સંતાનોના જીવનમાં માર્ગદર્શક, પુત્ર તરીકે માતા-પિતાના સહારો, ભાઈ તરીકે રક્ષક, પતિ તરીકે જીવનસાથી અને સમાજના જવાબદાર નાગરિક તરીકે પુરૂષ અનેક સંબંધો અને જવાબદારીઓ નિભાવતો હોય છે.ઘણીવાર પુરૂષ પોતાની લાગણીઓ, મુશ્કેલીઓ અને માનસિક તણાવને વ્યક્ત કર્યા વિના પરિવાર અને સમાજની જવાબદારીઓ નિભાવતો રહે છે. 'પુરૂષ છે, એટલે મજબૂત જ હોવો જોઈએ', 'પુરૂષ રડતા નથી' જેવી માન્યતાઓને કારણે અનેક પુરૂષો પોતાની આંતરિક લાગણીઓ અને માનસિક સમસ્યાઓ અંગે ખુલ્લેઆમ વાત કરી શકતા નથી. તેથી આ દિવસ પુરૂષોના માનસિક સ્વાસ્થ્યને મહત્વ આપવાનો, તેમની લાગણીઓને સમજવાનો અને તેમને જરૂરિયાત સમયે સહયોગ આપવાનો સંદેશ પણ આપે છે.આંતરરાષ્ટ્રીય પુરૂષ દિવસની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ સમાજમાં સકારાત્મક પુરૂષ આદર્શો સ્થાપિત કરવાનો, પુરૂષોના સ્વાસ્થ્ય અંગે જાગૃતિ લાવવાનો, પરિવાર અને સમાજમાં તેમના યોગદાનને બિરદાવવાનો તેમજ સ્ત્રી-પુરૂષ સમાનતા, પરસ્પર સન્માન અને સહઅસ્તિત્વની ભાવનાને મજબૂત બનાવવાનો છે. પુરૂષો અને મહિલાઓ એકબીજાના પૂરક બનીને સમાજના વિકાસમાં યોગદાન આપે છે. એક સ્વસ્થ પરિવાર અને સમૃદ્ધ સમાજનું નિર્માણ બંનેના સહયોગ, સમજણ અને સમાન સન્માનથી જ શક્ય બને છે.આ દિવસ પુરૂષોને પોતાના સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃત રહેવા, નિયમિત આરોગ્ય તપાસ કરાવવા, વ્યાયામ અને સંતુલિત જીવનશૈલી અપનાવવા, માનસિક તણાવને દૂર કરવા તેમજ પરિવાર સાથે ગુણવત્તાપૂર્ણ સમય વિતાવવા પ્રેરિત કરે છે. સાથે જ યુવાનોમાં સારા સંસ્કાર, જવાબદારી, શિસ્ત, સંવેદનશીલતા, પ્રમાણિકતા અને માનવતાના ગુણો વિકસાવવા માટે પણ આ દિવસ મહત્વપૂર્ણ છે.આંતરરાષ્ટ્રીય પુરૂષ દિવસ માત્ર પુરૂષો માટે ઉજવાતો દિવસ નથી, પરંતુ સમાજના દરેક વર્ગને પુરૂષોના યોગદાન અને પડકારો અંગે સમજણ કેળવવાનો દિવસ છે. પુરૂષોના સન્માન, સ્વાસ્થ્ય, સુરક્ષા અને સુખાકારી માટે પરિવાર, સમાજ અને સંસ્થાઓએ સંવેદનશીલતાપૂર્વક આગળ આવવું જોઈએ.આંતરરાષ્ટ્રીય પુરૂષ દિવસ નિમિત્તે દરેક પુરૂષને તેમના નિષ્ઠાપૂર્ણ કાર્ય, સંઘર્ષ, ત્યાગ, જવાબદારી અને પરિવાર તથા સમાજ પ્રત્યેના અમૂલ્ય યોગદાન બદલ હૃદયપૂર્વક શુભેચ્છાઓ. આવો, પુરૂષોના સન્માન સાથે સ્વસ્થ, સમાનતાપૂર્ણ, સંવેદનશીલ અને સુખી સમાજના નિર્માણ માટે સૌ સાથે મળીને આગળ વધીએ.

"સન્માન, સંવેદના અને સમાનતાથી જ સ્વસ્થ સમાજનું નિર્માણ શક્ય છે."

આ વર્ષે ૨૦૨૬ના આંતરરાષ્ટ્રીય પુરૂષ દિવસની વૈશ્વિક થીમ "The Future Is Everyone" (ભવિષ્ય સૌનું છે) છે, જે સહયોગ, સમાવેશિતા અને સૌના ઉજ્જવળ ભવિષ્યનો સંદેશ આપે છે.

કે.કે NEWS

તારીખ : 19/11/2026

અમરેલી જિલ્લામાં નવેમ્બર, ડિસેમ્બર,૨૦૨૬ ધોરણ ૧૦ અને ૧૨ બોર્ડની જાહેર પરીક્ષાના વિદ્યાર્થીઓ માટે માર્ગદર્શક ટીમની રચના

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા લેવાનાર નવેમ્બર/ડિસેમ્બર-૨૦૨૬ની ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ (સામાન્ય પ્રવાહ)બોર્ડની જાહેર પરીક્ષામાં ઉપસ્થિત થનાર પરીક્ષાર્થીઓના મનમાંથી પરીક્ષાનો હાઉ (ડર) દૂર થાય તેમજ તેમની મૂંઝવણનું નિરાકરણ અને પરીક્ષાલક્ષી માર્ગદર્શન મળી રહે તે હેતુથી અમરેલી જિલ્લા શિક્ષણ અધિકારીશ્રીની કચેરી દ્વારા જિલ્લાની વિવિધ શાળાઓના આચાર્યો અને તજજ્ઞ શિક્ષકોની એક માર્ગદર્શક ટીમની રચના કરવામાં આવી છે.આ માર્ગદર્શક ટીમમાં એલ. કે. બાબરીયા હાઈસ્કૂલ-હામાપુરના શ્રી વિપુલભાઈ ભટ્ટ (મો. ૯૪૨૭૪૨૨૭૧), સુ.સા. હાઈસ્કૂલ-વડિયાના શ્રી કિરીટભાઈ જોટવા (મો. ૯૮૯૮૪૬૭૯૯૯), પારેખ અને મહેતા હાઈસ્કૂલ-જાફરાબાદના શ્રી વી. બી. અગ્રાવત (મો. ૯૪૨૬૯૮૫૭૩૫) અને સનરાઈઝ હાઈસ્કૂલ-સાવરકુંડલાના શ્રી સોનલબેન મશરૂ (મો. ૯૪૨૮૪૪૧૯૨૫)નો સમાવેશ થાય છે. આ ઉપરાંત જી. એન. દામાણી હાઈસ્કૂલ-ધારીના શ્રી પી. ડી. પટાટ (મો. ૯૮૨૫૭૩૬૫૫૦), જનતા વિદ્યાલય-તાતણીયાના શ્રી ધર્મેન્દ્રભાઈ કનાળા (મો. ૯૯૯૮૩૨૦૦૪૫), એમ. એમ. યાજ્ઞિક હાઈસ્કૂલ-સલડીના શ્રી અજયભાઈ માઢક (મો. ૭૬૦૦૦૨૦૯૦૦) અને સ.મા. શાળા-દેવકાના શ્રી અનિલભાઈ પરમાર (મો. ૭૫૬૭૦૩૧૩૩૩) પણ વિદ્યાર્થીઓને માર્ગદર્શન પૂરું પાડશે.આ માર્ગદર્શક ટીમ તારીખ ૨૧/૧૧/૨૦૨૬ થી તારીખ ૦૯/૧૨/૨૦૨૬ સુધી દરરોજ સવારે ૧૧:૦૦ થી સાંજે ૬:૦૦ કલાક દરમિયાન કાર્યરત રહેશે. જિલ્લા શિક્ષણ અધિકારી, અમરેલી દ્વારા તમામ વિદ્યાર્થીઓ અને વાલીઓને આ સેવાનો મહત્તમ લાભ લેવા એક યાદીમાં અનુરોધ કરવામાં આવ્યો છે.

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી NEWS

તારીખ : 19/11/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

Happy Birthday



Jayesh Rathod

K.D NEWS ના પ્લેટફોર્મ પર





જ્યાં રિલ્સ નહીં બ્રાન્ડ બને છે...

અને આપે છે


વ્યુઝની ગેરંટી અને સફળતાનો ભરોસો


















આજે જ સંપર્ક કરો

વિડીયો રિલ્સ બનાવવા તેમજ માર્કેટિંગ માટે

9724661561

તારીખ : 19/11/2026

નો નેગેટીવ ન્યુઝ

SINCE 1923 NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

ગુરૂદેવ કહે છે...

“

સ્વસ્થતાપૂર્વક દિવસ પસાર કરનારને રાતના જેમ સહજ જ ઊંઘ આવી જાય છે તેમ સ્વસ્થતાપૂર્વક જીવન પસાર કરનારને સહજરૂપે જ સમાધિમરણ મળી જાય છે. જોઈતું હોય મરણ જો સમાધિનું, તો જીવો જીવન સ્વસ્થતાનું !

”



આચાર્ય વિજય રત્નસુંદર સુરિશ્વરજી મહારાજ



નો નેગેટીવ ન્યુઝ

કે.ડી NEWS

તારીખ : 19/11/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

Shree Shivkrupanand Swami
Year2026

Gurutattva

3581
19/11/2026
Thursday

❀ आत्मा ❀

माँ बाप अपने बच्चे को
पढ़ने विदेश भेजते है,
और बाद मे बच्चे को
रुपो देते है, क्योकी
वह बच्चा वापस माँ बाप
की "मृत्यु तक भी वापस नही"
आना यह सत्य है,

बाबा स्वामी
19/11/2026



'Nijdham', Dhyanasthali Gandhinagar, Mahudi Anodiya Road,
Mahudi - 382855, Gandhinagar, Gujarat, India.
Email : swamiji.office@gurutattva.org,
Telegram : t.me/ShreeShivkrupanandSwami Whatsapp : Shivkrupanand Swami

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી NEWS

તારીખ : 19/11/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



ગલગલીયા

પપ્પા: બેટા, પરીક્ષામાં કેટલા માર્ક્સ આવ્યા?
દીકરો: પપ્પા, શિક્ષકે માર્ક્સ આપ્યા જ નથી!
પપ્પા: કેમ?
દીકરો: કહ્યું છે કે પહેલાં જવાબ લખતા શીખો, પછી માર્ક્સ આપું!

ડૉક્ટર: તમને આરામની ખૂબ જરૂર છે, મોબાઈલ ઓછો વાપરો!
દર્દી: ડૉક્ટર સાહેબ, તો પછી વોટ્સએપ પર દવા કેવી રીતે મંગાવું?

મિત્ર: તું લગ્ન પછી બહુ શાંત થઈ ગયો છે!
બીજો મિત્ર: ભાઈ, હવે મારી પાસે બોલવાની છૂટ નથી, માત્ર સાંભળવાની સુવિધા છે!

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી NEWS

તારીખ : 19/11/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

19 નવેમ્બર

મહત્વની ઘટનાઓ

૧૯૪૯ – અફઘાનિસ્તાન, આઈસલેન્ડ અને સ્વીડન સંયુક્ત રાષ્ટ્રમાં જોડાયા.

૧૯૬૯ – ફૂટબોલ ખેલાડી પેલેએ પોતાનો ૧,૦૦૦મો ગોલ ફટકાર્યો.

જન્મ

૧૮૨૮ – રાણી લક્ષ્મીબાઈ, ૧૮૫૭ના ભારતીય સ્વાતંત્ર્ય સંગ્રામના નાયિકા (અ. ૧૮૫૮)

૧૯૧૭ – ઈન્દિરા ગાંધી, ભારતીય રાજકારણી, ભારતના ૩જા અને પ્રથમ મહિલા વડાપ્રધાન (અ. ૧૯૮૪)

૧૯૨૨ – સલિલ ચૌધરી, ભારતીય દિગ્દર્શક, નાટ્યકાર અને સંગીતકાર (અ. ૧૯૯૫)

૧૯૪૩ – ભગવાનદાસ પટેલ, આદિવાસી લોકસાહિત્યકાર

૧૯૭૫ – સુષ્મિતા સેન, ભારતીય અભિનેત્રી, મોડેલ અને મિસ યુનિવર્સ ૧૯૯૪

અવસાન

૧૯૬૮ – રંગ અવધૂત, હિંદુ ધર્મના દત્ત પંથ (દત્તાત્રેયની ગુરૂચરિત્ર પરંપરા)ના સંત કવિ (અ. ૧૮૯૮)

૨૦૧૩ – ફેડ્રિક સેંગર, અંગ્રેજ જીવરસાયણશાસ્ત્રી (જ. ૧૯૧૮)

તહેવારો અને ઉજવણીઓ

શહીદ દિવસ

મહિલા ઉદ્યોગસાહસિકતા દિવસ

વિશ્વ શૌચાલય દિવસ

આંતરરાષ્ટ્રીય પુરુષ દિવસ

તારીખ : 19/11/2026

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

વ્યાપારી માટે



હોલસેલ ભાવે

નાની-મોટી

ચીઠ્ઠી બુક


વિદ્યાર્થીઓ માટે

૨૬ ચોપડા

તેમજ

લખવા માટેની

કોરી પસ્તી



SINCE 1923 KD NEWS PAPER

દોશી કાંતિલાલ દલીચંદ

દરબાર ગઢ સ્ટ્રીટ, સાવરકુંડલા 9499797973

તારીખ : 19/11/2026

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી NEWS

SINCE 1923
NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

શુ તમારે દરરોજ ફ્રેશ પસ્તીનો વપરાશ છે?

કેરી, ફરસાણની દુકાન, રેસ્ટોરેન્ટ તેમજ કરીયાણાની દુકાનના વ્યાપારીઓ માટે ખાસ



ફ્રેશ પસ્તી



સાવરકુંડલા માટે ફ્રી ડીલેવરી

* મીનીમમ ઓર્ડર 20 કીલો.

ઓર્ડર માટે કોલ કરો

94997 97973

વોટ્સઅપથી ઓર્ડર માટે

CLICK HEAR

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી NEWS

તારીખ : 19/11/2026


SINCE 1923 NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

કષ્ટભંજન દેવ હનુમાનજી મહારાજના

સાળંગપુરના આજના દર્શન



કે.ડી

આપની બ્રાન્ડ નું માર્કેટિંગ કરો

કે.ડી ન્યૂઝ સાથે...



95K

60K

44K

100K

સંપર્ક : મો. 94997 97973